# <u>મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કુલ ૧૫ જેટલા વાહન ચોરીના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.ની ટીમ</u>

મહારાષ્ટ્રના તેમજ મધ્યપ્રદેશના અલગ-અલગ શહેરમાંથી મોટર સાયકલ ચોરીના ગુનામાં નાસ્તો ફરતો આરોપી ઇમરાન ઇશા શેખ ઉ.વ.૨૪ રહે. ગોદાવરીનગર, તા.મુક્તાઇનગર, જિ.જલગાંવ (મહારાષ્ટ્ર) હાલ રહે. રાવનગર ઝુપડપટ્ટી, લીંબાયત, સુરત વાળો સલાબતપુરા ઉમીયા મંદિર પાસે ફરતો હોય. તે બાતમી આધારે મજકુર આરોપીને ઝડપી પાડી, તેની પુછપરછ દરમ્યાન મજકુર આરોપી મહારાષ્ટ્ર રાજયના મુક્તાઇનગર, ચોપડા, વરનગાંવ, જલગાંવ, પાચોરા, અમલનેર, રાયપુર તથા મધ્યપ્રદેશના બુરાહાનપુર શહેરમાંથી મળી કુલ્લે-૧૫ વાહનોની ચોરી કરેલ હોય અને તે ગુનામાં પોતે આ બંન્ને રાજ્યની પોલીસથી બચવા પોતે નાસ્તો-ફરતો હોવાની હકિકત જણાવતાં મજકુર આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી બંન્ને રાજ્યોની પોલીસનો સંપર્ક કરી મહારાષ્ટ્રના મુક્તાઇનગર પોલીસને આગળની તજવીજ સારૂ આરોપીને સોંપેલ છે.